
M6E3L2

# ૧ ક્યાંથી જોવું








અમારા શિક્ષકે અમને મોટરકારનું ચિત્ર દોરવાનું કહ્યું. અમે સૌએ જુદી-જુદી રીતે મોટરકારનું ચિત્ર દોર્યું. બીજા દિવસે જ્યારે અમે અમારાં ચિત્રો એકબીજાને બતાવ્યાં ત્યારે અમે ખૂબ જ ઉત્તેજિત હતાં. પરંતુ તે સમયે અંશુલે હસવાનું શરૂ કર્યું. તે ધીરજે દોરેલી મોટરકારના ચિત્ર તરફ જોતો હતો. અંશુલે કહ્યું કે તે એક મોટા ખોખામાં મૂકેલા નાના ખોખા જેવી લાગે છે. પછી અંશુલે પોતાનું ચિત્ર ધીરજને બતાવ્યું. તેમણે બંનેએ એક જ મોટરકારનું ચિત્ર દોર્યું હતું. પરંતુ ચિત્રો જુદાં લાગતાં હતાં. ધીરજે કહ્યું કે તેણે મોટરકારને અગાશી પરથી જોઈ હતી. તમે તેનું આ રમૂજી ચિત્ર સાચું છે તેવું વિચારો છો?



- તમે વસ્તુઓ તરફ જુદી-જુદી બાજુએથી જોયું છે ? જુદી-જુદી બાજુએથી જોતાં તે એકસરખી (Equal-ઈક્વલ) દેખાય છે કે જુદી-જુદી?
- અહીં દોરેલાં ચિત્રો તરફ જુઓ. બાજુમાંથી જોતાં ટેબલ કેવું દેખાય છે? ઉપરથી જોતાં દેખાય છે તેવું ચિત્ર કયું છે?



નીચે કેટલાંક ચિત્રો દોરેલાં છે. જો આ વસ્તુઓ ઉપરથી જોવામાં આવે, તો કેવી દેખાશે તેની કલ્પના કરો :



તેઓ આમનાં જેવાં દેખાશે?






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**મહાવરાનો સમય**


અ) એક બિલાડી વર્ગખંડમાં ડોકિયું કરે છે. શિક્ષક ક્યાં છે તે શોધવામાં તમે તેને મદદ કરી શકશો?




બ) અહીં કેટલાંક ચિત્રો આપેલાં છે. વસ્તુઓને આ સ્થિતિમાં જોવા માટે તમારે ક્યાંથી જોવાનું છે તે કહો.



સીડી




સીડી



ટેબલ



ખુરશી



પેન્સિલ



બસ

ક) કેટલીક વસ્તુઓનાં મથાળાનાં ચિત્રો દોરો અને તમારા મિત્રોને તે વસ્તુ કઈ છે તેનું અનુમાન કરવાનું કહો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# રંગોળી




ભાત(પૅટર્ન) બનાવવા માટે નીચે આપેલ ટપકાંઓનો ઉપયોગ તમે કરી શકશો. બે નમૂના અહીં દોરેલા છે.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારી જાતે બીજી ભાત બનાવો


૧. બિંદુઓની ગોઠવણીમાં આ આકારોના જેવા બીજા આકારો (Shapes-શેઈપ્સ)દોરો. જુઓ કે કેટલાક આકારોમાં લીટીઓ સીધી છે, જ્યારે કેટલાકમાં નથી.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. તમારી પોતાની ડિઝાઈન અને આકારો દોરવા માટે નીચે આપેલ બિંદુઓની ગોઠવણીનો ઉપયોગ કરો :



૩. ચોરસ(Square-સ્ક્વેર)અને લંબચોરસ(Rectangle-રેક્ટેન્ગલ)બનાવવા માટે આ આકૃતિઓ(Figures-ફિગર્સ) ને પૂર્ણ કરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. નીચે આપેલ બિંદુઓની ગોઠવણીમાં નીચેની વસ્તુઓનાં ચિત્રો દોરો :

(૧) પતંગ (૨) પાંદડું (૩) ફૂલ

(૪) હોડી (૫) તારો (૬) માટલું



**શિક્ષકો અને વાલીઓ માટેની નોંધ :**

બિંદુઓની ગોઠવણી ઉપર આકારોની મુક્ત રમત બાળકોની આકાર અને સપ્રમાણતાની સમજ વિકસાવવામાં મદદરૂપ થઈ શકે છે. જુદી-જુદી રીતે જોતાં ત્રિપરિમાણીય વસ્તુઓને દ્વિપરિમાણીય ચિત્રોમાં કેવી રીતે દર્શાવી શકાય તે બતાવવા માટેની પ્રવૃત્તિઓથી આ પ્રકરણની શરૂઆત થાય છે. આ આકારોનું અગત્યનું પાસું-સપ્રમાણતા સાથે જોડાયેલું છે, જે આગળ પ્રકરણ પાંચમાં વિકસિત કરેલ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જેવા સાથે તેવા

અમીના એક દિવસ ચિત્રકાર (પેઈન્ટર)ને મળી.




થોડા સમય પછી પેઈન્ટરે તેને ચિત્ર બતાવ્યું.








અમીનાએ તેને સો રૂપિયાની નોટ આપી.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પેઈન્ટરે આવાં ઘણાં ચિત્રો બનાવ્યાં છે કે જેમાં તેણે વસ્તુનો અડધો ભાગ દોર્યો છે. આ ચિત્રોનો બીજો અડધો ભાગ દોરો અને આ વસ્તુઓ કઈ છે તે શોધો. અરીસા વડે આ કરવાનો પ્રયત્ન કરો.



નીચેનાં ચિત્રો દોરવામાં આપણે પેઈન્ટરની યુક્તિનું પુનરાવર્તન કરી શકીએ?



જે વસ્તુનો બરાબર તેવો જ અડધો ભાગ(Halves-હાલ્ઝ) અરીસામાં ન દેખાય તેવી વસ્તુઓનાં ચિત્રો દોરવાનું જો પેઈન્ટરને કહેશો તો તે યુક્તિનો ઉપયોગ કરી શકશે નહિ. એવી વધુ ત્રણ વસ્તુઓ દોરો જેનો અડધો ભાગ અરીસામાં તેના જેવો ન જ દેખાય.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

F7E5S5

## દર્પણમાં અડધો ભાગ

નીચે આપેલ ચિત્રો જુઓ. ટપકાંવાળી રેખા દરેક ચિત્રનો અડધો ભાગ દર્પણમાં બરાબર તેના જેવો જ દેખાય તે રીતે ભાગ પાડી શકે છે?




બીજાં કેટલાંક વધુ ચિત્રો દોરો.

ઉપરનાં બે લંબચોરસમાં ટપકાંવાળી રેખા(Line - લાઈન) દરેકનાબે સરખા ભાગ કરે છે, પરંતુ તેઓ અરીસા (દર્પણ)માં દેખાતા બરાબર તેના જેવા જ ભાગ નથી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ટપકાંવાળી રેખાનો ઉપયોગ કરીને નીચેનાં ચિત્રોને બરાબર એકસરખા દેખાય તેવા બે અડધા ભાગમાં વહેંચી(Divide - ડિવાઈડ)શકશો?






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





આવા અક્ષરોનો ઉપયોગ કરીને આપણે એવા શબ્દો પણ બનાવી શકીએ કે જેના અડધા ભાગ બરાબર તેના જેવા જ હોય.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


# મહોરું બનાવવું



હવે હું તમને બિલાડીનું મહોરું કેવી રીતે બનાવી શકાય તે શીખવીશ.

કાગળનો એક ટુકડો લો.

૧ તેને વચ્ચેથી વાળો.




૨ એક બાજુ ચિત્ર દોરો.



૩ કાતરનો ઉપયોગ કરીને તેને કાપો.




૪ હવે ગડીને ખોલો અને આંખો, નાક વગેરે બનાવો.




૫ તેમાં રંગ પૂરો અને પાછળના ભાગે રબર-બૅન્ડ બાંધો. તમારું મહોરું તૈયાર.



નીચેનાં ચિત્રોની મદદ લઈને તમે આવાં વધારે મહોરાં બનાવી શકશો :







M1A2B1



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in